**IMPORTANT NOTICE – TERMS & CONDITIONS OF SALE AND USE:** By opening and using these seeds, you agree to the following terms. If you do not accept, return the unopened package with proof of purchase for a full refund. This product is licensed for planting only in approved regions. The resulting crop may only be used for food, feed, or processing. **RISK OF NON-PERFORMANCE:** Seed performance may be affected by factors beyond Arino Seeds Private Limited (ARINO) control (e.g., weather, pests, diseases, soil, planting practices). The buyer assumes all such risks. **LIMITATION OF WARRANTIES & LIABILITY:** ARINO warrants only that the seed matches the label description within legal tolerances. No other warranties (express or implied) are given. ARINO is not liable for incidental or consequential damages. Remedies are limited to seed replacement or refund, at ARINO's discretion. Claims must be reported within 30 days of discovery or before harvest, whichever is earlier, and submitted directly to ARINO. Terms may only be changed in writing by ARINO's authorized representative.

**PRODUCED BY: ARINO SEEDS PVT. LTD.,**
SURVEY NO-456/3,OPP.KISHAN CATTEL FEED,GUNDALA ROAD,GONDAL-360311,Gujarat.GST NO .24AAHCA4166H2ZR Phone: +91-88588 81981.Website:https://www.arinoseeds.com/home

# વટાણા ની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિની માર્ગદર્શિકા

## (૧) વાવણી સમય, બિયારણનો દર અને વાવણીનું અંતર :

| અ.નં. | વાવણી સમય સિજન | જાત | બિયારણનો દર | વાવણીનું અંતર |
|---|---|---|---|---|
| | **સમયસર ની વાવણી** | | | |
| ૧ | ૧૫-૩૦ ઓક્ટોબર | અરીનો પુષ્પક-૯૦ | ૧૨-૧૫ કિલો પ્રતિ વીઘા. | વાવેતર ની જાળી (હાર થી હાર) : ૧૨-૧૮ ઇંચ<br>પાકવાના દિવસો : ૧૦૦-૧૦૫ (રીનો વંદન)<br>૧૧૫-૧૨૦ (રીનો વાલમ) |

**નોંધ : વટાણાને ઠંડુ અને સૂકું હવામાન સૌથી વધુ માફક આવે છે. પાકના શ્રેષ્ઠ વિકાસ માટે ૧૦°C થી ૨૫°C તાપમાન અનુકૂળ રહે છે.**

## (૨) બીજની માવજત :

| અ.નં. | બીજની માવજત | જથ્થો | આપવાનો સમય |
|---|---|---|---|
| | **રાસાયણિક / જૈવિક નિયંત્રણ** | | |
| ૧ | ફૂગજન્ય રોગ માટે મેટાલેક્ષિલ + થાયરમ ૩-૪ ગ્રામ પ્રતિ કિલો | ૧ કિલો | ૩ થી ૪ ગ્રામ/કિલો મુજબ પટ આપી બિયારણ ને આખી રાત સૂકવી ઉપયોગ કરવો. |

## (૩) સેન્દ્રિય / રાસાયણિક ખાતર નો જથ્થો અને આપવાનો સમય :

| અ.નં. | સેન્દ્રિય / રાસાયણિક ખાતર | જથ્થો (કિ.ગ્રા./વીઘા.) | આપવાનો સમય |
|---|---|---|---|
| ૧ | છાણિયું ખાતર | ૧૦ ટન/હે | પ્રથમ ખેડ વખતે |
| ૨ | યૂરીયા (ના:ફો:પો) | ૫ કિલો | (ના:ફો:પો) (૪૬:૦૦:૦૦) પાયામાં આપવું. |
| ૩ | ફોસ્ફરસ | ૪૦-૫૦ કિલો | પાયામાં આપવું. |
| **નોંધ – ખાતર: વટાણા એ કઠોળ વર્ગનો પાક હોવાથી તેના મૂળ વાતાવરણમાંથી નાઇટ્રોજન મેળવે છે, તેથી તેને નાઇટ્રોજનની ઓછી જરૂર પડે છે.** | | | |

**(૪) નીંદામણ :**

| અ.નં. | નીંદણનાશક દવાનું નામ | જથ્થો (કિ.ગ્રા./હે.) | આપવાનો સમય |
|---|---|---|---|
| ૧ | પેન્ડીમિથાલીન | ૧ કિગ્રા સક્રિય તત્વ/હેક્ટર | પોસ્ટ ઇમરજન્સ (પૂરતા ભેજ માં વાવણી પહેલા અને ઊગે તે પહેલા છાંટવી) |

**નોંધ શેઢાપાળા-ઢાળીયાને નિંદણમુકત રાખવા. નિંદણમુકત બીજ વાપરવું, ઉભા પાકમાં આંતર ખેડ કરવી, હાથથી નિંદામણ કરવું.વધુ પડતી વાનસ્પતિક વૃધ્ધિ કે વિકાસમાં નબળા દેખાય તેવા વિજાતીય કે શંકાશીલ લાગતા તમામ છોડ ઉપાડી ખેતર માંથી દૂર કરવા. તેમજ પેન્ડીમેથાલીન નો ઉપયોગ કરવો.**

**(૫) પિયત :**

**વાવણી પૂર્વે જમીનમાં પૂરતો ભેજ હોવો જરૂરી છે, નહિતર વાવણી પછી તરત જ હળવું પિયત આપવું.**
**પાકને મુખ્યત્વે નીચેની બે અવસ્થાઓમાં પાણીની ખાસ જરૂર પડે છે:**
**૧. ફૂલ આવતી વખતે (વાવણી પછી ૪૦-૪૫ દિવસે)**
**૨. શીંગો ભરાતી વખતે દાણાના વિકાસ સમયે (વાવણી પછી ૬૦-૬૫ દિવસે)**

**નોંધ- ઉપરોક્ત પિયતની કટોકટીની અવસ્થાઓ પૈકી કોઇ પણ એક અવસ્થાએ પિયત ચૂકી જવાથી ઉત્પાદનમાં સાર્થક ઘટાડો થાય છે.**

**(૬) પાક સંરક્ષણ :**

| રોગ/જીવાત નું નામ | નિયંત્રણ ના પગલાં |
|---|---|
| **રોગ / જીવાત** | |
| ૧- છારો | પાંદડાં કે શિંગો પર સફેદ પાવડર જેવો છારો જોવા મળે ત્યારે દ્રાવ્ય ગંધક (વેટેબલ સલ્ફર) ૨૫ ગ્રામ ૧૦ લિટર પાણીમાં મિક્સ કરી ૧૫ દિવસના અંતરે બે વાર છાંટવું. |
| ૨. જીવાત (મોલો-મશી અને લીલી ઇયળ) | આ જીવાતોના અસરકારક નિયંત્રણ માટે લીમડા આધારિત દવાઓ (નીમ ઓઇલ - ૫૦ મિલી/૧૦ લિટર પાણી) અથવા ડાયમીથોએટ ૩૦ ઇ.સી. ૧૦ મિલી ૧૦ લિટર પાણીમાં ભેળવીને છંટકાવ કરવો. |

**(૭) કાપણી અને સંગ્રહ :**

**કાપણી:** લીલી શિંગોની કાપણી જાત મુજબ બદલાય છે. શિંગો પૂરી ભરાઇ જાય અને આછા લીલા રંગની દેખાય ત્યારે વીણી લેવી જોઇએ.કાપણી કરતી સમયે પાકની સાથે રોગિષ્ટ છોડ કે નીંદામણની કાપણી કરવી નહીં. કાપણી કરેલ છોડને સાફ કરેલ ખળામાં લાવી,સુર્યના તાપમાં ૪ થી ૫ દિવસ સુધી સુકાવ્યા બાદ થ્રેસરનો ઉપયોગ કરી દાણા છૂટ્ટા પાડવા.થ્રેસીંગ સમયે અન્ય જાતનું મિશ્રણ ન થાય તેની ખાસ કાળજી રાખવી. બિયારણના જથ્થાને સાફસુફ કરીને ગ્રેડિંગ કરવું.બીજના જથ્થાને શણના નવા કોથળામાં ભરી જ્યાં જીવાતનો ઉપદ્રવ ન હોય તેવા ગોડાઉનમાં સંગ્રહ કરવો. સંગ્રહ વખતે બીજમાં ૯ ટકાથી વધુ ભેજ ન રહે તેની ખાસ કાળજી રાખવી.

ARINO SEEDS